શ્રી નૌતમ.

નૌતમ-ચંદ્ર નાટકનાં ગાયનો.

શ્રી દેશી નાટક કંપની લીમીટેડ.

આવૃત્તિ ૧ લી.

અમદાવાદ.

ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી.

ઠે. સલાપોસના દરવાજે.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

કીંમત ૦-૨-૦ (બે આના.)

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

શ્રી નૌતમ્ "નૌતમ-ચંદ્ર" નાટકનો ટૂંક સાર.

અંક પહેલો.

મંગળાચરણ.

પ્રવેશ ૧ લો—દ્વારિકાંના મહારાજા ભદ્રસેનની કુંવરી રમાદેવીનું પોતાની સખીઓ સાથે દરિયા કિનારે ફરવા માટે આવવું. કુદરતનો મહિમા સખિયો સાથે કર્મ અને ઉદ્યમ વિષે વાદ વિવાદ, નિરાકરણ, અને દરિયામાં સફર કરવા મછવામાં બેશી ચાલી નિકળવું. આ સ્થળે દેવનગરના મહારાજા દેવભદ્રના કુંવરો રસાલા સાથે જાત્રા માટે આવેલા છે. કુંવર વજુભાનું કુંવરીના યશોગાન સાંભળી મોહાંધ થવું. અને ખવાસણ મારફતે કુંવરી દરિયા કિનારે ફરવા આવવાની છે એવી બાતમી મેળવવી. મોહાંધ વજુભાનું તેના દોસ્ત મેઘા ખવાસ સાથે કુંવરીને મળવાની આશામાં દરિયાપર આવવું. કુંવરીના ગુણગાન, મેઘાને મોઢેથી સાંભળવા—કુંવરીની વહવ્યથામાં વૃદ્ધિ એવામાં તેના મોટા ભાઇ ચંદ્રરાજનું પોતાના મિત્ર નૌતમ સાથે આવવું. રંગમાં ભંગ વજુભાનું નિરાશ થઇ ચાલ્યા જવું. સ્વદેશ ભણી વળવા ચંદ્રના વિચાર મિત્રની સલાહ. પોતાના સામતોની શોધમાં નૌતમનું જવું. બાદ કુંવરીના મછવાપર મગરનું તલપવું, બાળાઓની બુમ ચંદ્રની સમય સુચકતા અને બચાવ, આશ્વસન ઉપકાર કરનાર રાજકુમારને જોઇ કુંવરીનું મોહિત થવું કુમાર ચંદ્રરાજની રમાદેવી પર

પ્રેમ ભાવના બંનેનો દ્રષ્ટિરાગ, દરમિયાન નૌતમનું સામંત વર્ગ સાથે આવી ચઢવું કુંવરી કુંવરનું છુટા પડવું, રમાદેવી ચંદ્રના પ્રેમમાં, રમાની વ્યાકુળતા—

પ્રવેશ ૨ જો—મેઘી, દુઃખી ઘર સંસાર; વંઠેલ પતિને માટે પશ્ચાતાપ; ગીગલો; છોકરાની ધામ ધુમ; ગીગલાની ખુશાલી; પાછળથી મેઘાનું જાત્રાએથી આવવું. હલાઇ વિચાર વજુભાને વ્હેમમાં નાંખી::ચંદ્રરાજ સાથે વેરનું બીજ રોપાવવાના મન સુબા, પોતાની સ્ત્રી અને છોકરો, સ્ત્રીનો તિરસ્કાર, મેઘાની આપ બડાઇ વિજ્યા દશમીના તહેવારમાં બ્રાહ્મણો જમાડવાની સ્ત્રીને સૂચના, ગીગલાની ખુશાલી; સ્ત્રીનો ધિક્કાર.

પ્રવેશ ૩ જો—દેવનગરના મહારાજા દેવભદ્રનો દરબાર, કુમારોનું જાત્રાએથી આવવું વંઠેલ વજુભાનું મોં દેખાડી ચાલ્યા જવું. વિનયશાળી ચંદ્ર પ્રત્યે પિતાની પ્રેમ ભાવના કુંવર વખાણ બાદ ઠારિકોથી કુંવરી રમાદેવીનું માગુ લઇ રાજગોરનું આવવું શ્રીફળનો સ્વિકાર, ખુશાલી નાચ.

પ્રવેશ ૪ થો—કુંવરીના મોહમાં લિન થયેલો વજુભા રાજ કચેરીમાંથી મેઘાનું આવવું. ચંદ્રરાજ સાથે રમાદેવીના વિવાહના સમાચાર ઉશ્કેરણી, અદેખાઇ અને ચંદ્રરાજ સાથે વેરનું બીજ ચંદ્રને સતાવવાની યુક્તી મદનકળા મારફતે તે કામ કઢાવી લેવા તેને મ્હેલે જવું.

પ્રવેશ ૫ મો—ચંદ્રરાજ, કુંવરીના પ્યારમાં પ્રેમની બલિહારી રાજ ગોરનું આવવું કુંવરીની મોકલેલી ભેટ, વિંટી અને છબી છબી જોઇ કુમારનું મોહવસ્થામાં લિન થવું. મિત્ર નૌતમનું

આવવું, સ્નેહ વિનોદ, બાદ ખુશાલીમાં ગુણકા મદન કળાને ત્યાં નૃત્ય સાંભળવા જવું.

પ્રવેશ ૬ ઠો—વજુભાના દારૂડીઆ દોસ્તો, કુંવરને કુછંદે ચઢાવી ફોલીખાવાના હવાઇ વિચારો. વજુભા, અને મેઘો દારૂની ગમત.

પ્રવેશ ૭ મો—મદનકળાનો મ્હેલ, મેઘો વજુભા, અને દારૂડીયા દોસ્તો. રાજખટપટમાં ગુણકાનું સામીલ થવું. નૌતમરાય અને ચંદ્રરાજ વચ્ચે તૂટ કરાવવાની યુક્તી, મેઘાની મસલત તથા ગુણકા મદનકળાનો મજરો, દારૂડીઆનું ત્યાંથી ચાલી નીકળવું, બાદ નૌતમ સાથે ચંદ્રરાજનું આવવું નૃત્ય કળા, કુંવર કુંવરીના પ્યારમાં નૃત્ય તરફ બેદરકાર. આ પ્રસંગનો લાભ લઈ ગુણકાની ચાતુરી. કુંવર ને શંકા. બંનેનું ત્યાંથી ચાલી નીકળવું. પાછળથી નૌતમને બોલાવવો, અને "કાંઇ નહી" કહી ગુણકાનું જતા રહેવું, નૌતમનો વ્હેમ કપટ.

પ્રવેશ ૮ મો—રાજમારગમાં ચંદ્રરાજ, વ્હેમ, ગુસ્સો, મિત્ર પ્રત્યે તિરસ્કાર, ચંદ્રનું સાહસ, ધીક્કારી ચાલ્યા જવું નૌતમનો મિત્ર પ્રત્યેનો શોચ. સ્વદેશ તજી ચાલી નીકળવા અને અવસર આવે મિત્રધર્મ બજાવવા દ્રઢ વિચાર.

પ્રવેશ ૯ મો—નગરની ભાગોળે શંકરના દેવળમાં નૌતમ, દિલગીરી, પાછળથી વજુભાનું આવવું, મેઘો કુંવરના ખુનની મસલત. મિત્ર નૌતમનું સુતાસુતા સાંભળવું વજુભાનું અને મેઘાનું કુંવરના મ્હેલ તરફ વળવું મિત્ર નૌતમનું જવું. મિત્રના રક્ષણ અર્થે વજુભાની પાછળ છુપા વેશમાં જવું.

પ્રવેશ ૧૦ મો—મદનકળા, મેઘો ચંદ્રરાજના ખુનની ખટપટનો ખુલાસો. મદનકળાની મેઘાને ઘુઘરા બંધાવી નાચવાની માગણી વિષયાંધ મેઘાનું સ્ત્રીના પોશાકમાં ઘુઘરા બાંધી નાચવું. બંનેની ગમત.

પ્રવેશ ૧૧ મો—પોતાના મહેલમાં વામા વિરહીચંદ્રરાજ. નિંદ્રા. પાછળથી છુપાવેશમાં વજુભાનું ચંદ્રના મ્હેલમાં ઘૂસવું. ઠાર કરવાની તૈયારી. ચંદ્રને સ્વપ્ન જાગૃત થવું. કુંવરીના ભણકારા પુનઃનિદ્રાધિન વજુભાનો ગુસ્સો. ચંદ્રને ઘા કરવો. નૌતમનું આવી પહોંચવું. ભેદ ખુલ્લો, સમયનો, લાભ લઇ નૌતમને માથે ખુનનો આરોપ મુકી, પોતાના સિપાઇ પાસે નૌતમને પકડાવવો અને ચંદ્રને ગુપચુપ નદીમાં ફેંકી દેવડાવવો નિર્દોષ નૌતમનું પકડાવું.

ટેબ્લો.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—બગીચામાં કુંવરી રમાદેવી અને સાહેલીઓ, હાસ્ય વિનોદ, ગરબો, ચંદ્ર વિરહી રાજકુમારીની વિરહ વ્યથા રમત ગમત બાદ દાસી મારફતે ચંદ્રના ખુનની ખબર કુંવરીને મુર્છા, સાહેલીઓનો દિલાસો, સંસાર ત્યાગ કરી જોગણ થવા કુંવરીનો વિચાર, સાહેલીઓની શીખામણ કુંવરીની હઠ. રમાદેવી જોગણ.

પ્રવેશ ૨ જો—રમાદેવીની ખોળમાં મેઘો તથા વજુભાના માણસો જોગણવેશે રમાદેવીનું આવી ચઢવું. માણસોનું છુપાઇ જવું મેઘો ને રમાદેવી. રમાદેવીને પોતાના માણસો પાસે ઉપડાવી મેઘાનું ચાલ્યા જવું.

પ્રવેશ ૩ જો—કેદખાનામાં નૌતમ વજુભાનું આવી ચઢવું ખુનનો આરોપ નૌતમ પાસે કબુલ કરાવવો, નૌતમની ચોખ્ખીતા તથા વજુભાનું અપમાન, વેરમાં વૃદ્ધિ. મહારાજા દેવભદ્રનું પ્રધાન સાથે આવવું. પોતાના પુત્રનાં અનાચારથી પ્રધાનનો ખેદ નૌતમનો ન્યાય હાથીના પગતળે છુંદાવાનો હુકમ, પુરાવા માટે ચોવીસ કલાકની મેતલ નૌતમને છુટો કરવો.

પ્રવેશ ૪ થો—વજુભાનું દીવાનખાનું, રમાદેવી આવવાની ખુશાલી માં મેત્રાનું આવવું. ખુનની ખુશાલી માટે મિજબાની આપવા પોતાના મિત્રોને બોલાવવા જવું. રમાદેવી તથા વજુભા, રમાદેવીનું બનાવી ચાલ્યા જવું, મુર્ખ વજુભા પ્રેમમાં લીન, મીત્રોનું આવી ચઢવું, મશ્કરી બાદ દારૂની ગમત, રાજા તથા નૌતમનુ છુપાવેસમાં આવવું, નિશામાં દારૂડીઆઓનું ચંદ્રરાજના ખુનનું બકીજવું, ભેદ ખુલ્લો, વજુભાનું, પકડાવવું, મેઘાનું નાશી જવું.

પ્રવેશ ૫ મો—મહારાજા દેવભદ્રને મારવા માટે વજુભાનો બેસાડેલો અનુષ્ટાની, દંભી અનુષ્ટાનીના હવાઇ વિચાર, સ્નાન કરવા માટે નદી તરફ જવું. નદીમાં નાંખેલ ચંદ્રરાજનું તણાતા આવવું, કુંવરનો બચાવ. આશ્વાસન—

પ્રવેશ ૬ ઠો—પોતાના મિત્રનુ વેર લેવા દુરાચારી મેઘાની ખોળમા નૌતમ, વેશ બદલી ચાલી નીકળવું.

પ્રવેશ ૭ મો—દંભી અનુષ્ટાંની મનુષ્ય મેધા માટે બત્રીસ લક્ષણા સ્રી યા પુરૂષની ખોળમાં નાશી છુટેલી રમાદેવીનું કુંવરના પોશાકમાં આવી ચડવું, દંભી અનુષ્ટાની અને કુંવરી રમાદેવી

અનુષ્ટાનીના આશ્રમે પોતાનુ ભવિષ્ય પુછવા રમાદેવીનુ જવું.

પ્રવેશ ૮ મો—દંભી અનુષ્ટાંની, ચંદ્રકુમાર. રમાદેવીને યજ્ઞ કુંડ પાસે લાવવા ચંદ્રને આજ્ઞા કરવી, અનુષ્ટાનીનું યજ્ઞના સાહિત્ય માટે જવું, ગરીબ રજપુતના વેશમાં કુમાર ચંદ્ર અને રાજકુમારી રમાદેવી. કુમાર પાસે પોતાના બચાવની માગણી ફસાયેલા રાજકુમારની લાચારી. બાળાના કાલાવાલા, યુક્તિ અનુષ્ટાનીનુ સામગ્રી સાથે આવવું. યજ્ઞની તૈયારી, યુક્તિની અજમાશ દંભીનું બળી મરવું કૂંવરીને દિલાસો આપી કુંવરનું વનમાં ફળ લેવા જવું. નાશી છુટેલા મેઘાનું આવી ચઢવું, ચિતોડના રાજકુમારના ઠાઠમાં રાજકુમારીને ઉપાડી જવા વિચાર, કૂંવરી રમાદેવી અને મેઘો, તિરસ્કાર, બળાત્કાર, ચંદ્રનુ આવી ચઢવું, પરસ્પરની ઓળખાણ, ચંદ્ર તથા રમાદેવીનો મેળાપ.

ટેબ્લો.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—સુંદર વનમાં આવી ચઢેલા કુંવરી રમાદેવી તથા ચંદ્રરાજ પરસ્પર અલૌકિક પ્રેમની પરિસીમા, ઘર તરફ જવા નિશ્ચય કરી ઝુપડીમાં જવું.

પ્રવેશ ૨ જો—મેઘાની ખોળમાં છુપા વેશમાં ભટકતો નોતમ, મેઘાનું અનાયાસે આવી ચઢવું. મેઘો તથા નોતમ, ભેદ ખુલો પરસ્પર વેરની ઉશ્કેરણી, ઝપાઝપી, સ્વદેશ જવા નિકળેલા કુમાર ચંદ્ર તથા રમાનું આવી ચઢવું પરસ્પરની ઓળખાણ. મેઘાને કેદ પકડી નોતમની સાથે દેવનગર મોકલાવી દેવો.

પ્રવેશ ૩ જો—મેધીઓ, પોતાના દુરાચારી પતિના દુખમાં ગમગિન પાયમાલ થયેલી ગુણકા મદનકળાનું કંગાલ વશે આવી ચઢવું. પરસ્પરની પીછાણ તકરાર મારામારી.

પ્રવેશ ૪ થો—દેવનગરના સીમાડે ચંદ્રરાજ તથા રમા.

પ્રવેશ ૫ મો—દેવનગરનો દરબાર, વજીબા કેદી વેશે. પસ્તાવો. પોતાને પાયમાલ કરનાર પાપીણી વેશ્યા, મદનકળાનું નાક કાપવું, મેધા સાથે નોતમનું આવી ચઢવું, ચંદ્રરાજના સમાચાર. રાજા સાનંદાશ્ચર્ય, ચંદ્રરાજ તથા રમાદેવીનું આવવું, ચંદ્રરાજના હાથથી ગુનેહગારોને ન્યાય. પરસ્પર મેળાપ, મહારાજા દેવભદ્રના હાથથી કુંવર કુંવરીના હસ્ત મેળાપ, સત્યનો જય છેવટનો આનંદ.

મુખ્ય પાત્રોના નામ.

દેવભદ્ર..............................દેવ નગરનો રાજા.
ચંદ્રરાજ..............................તેનો પાટવી કુંવર.
વજુભા..............................ચંદ્રરાજનો ભાઇ.
ગૌતમ..............................ચંદ્રરાજનો મિત્ર.
મેઘો..............................વજુભાનો દોસ્ત.
ગીગલો..............................મેઘાનો છોકરો.
રમાદેવી..............................દ્વારીકાના રાજા
ભદ્રસેનની કુંવરી
મદનકળા..............................ગુણકા.

દંભી અનુષ્ટાની, રાજગોર, દારૂડીઆ દોસ્તો, મેઘાની સ્ત્રી, દાસીઓ કંચનીઓ, વિગેરે વિગેરે.

સ્થળ— દ્વારિકા—દેવનગર અને તેની આસપાસના જંગલો.

॥ શ્રી પરમાત્માને નમઃ ॥

શ્રી નૌતમ.

નૌતમ-ચંદ્ર નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સુત્રધાર—નટી.

મંગળ મુરતિ સમરૂં, મંગળાચરણુ માંહી;
મંગળ તું કર વર, અનુકૂળ સદા રહી. મંગળ—
સંસાર સાગર જીવ મુસાફર, તરણુ તારણુ તું હારી;
માયા તરંગ ઉતંગ ઉછળે, આશા અંતરમાં ભરી.
આશા અંતર પાસ કિંકર, શ્રી હરીહર તું ધણી,
વાસ પુર તું રહ્દય અંદર, ભુવન ભાજન તું મણી,
સૂત્રધાર વિશ્વપાળ, વિશ્વ અખિલ નાટય બાળ;
નાટય સ્થાન શાન્તિભવન, શાન્ત સમય શાન્ત સ્તવન. મં-

નેપથ્ય—હાંહારે સખી કેવો ચતુર કીરતાર.

નટી.—

દિપાવ્યા નામ જેણે, અજર, અમર શ્રીધર; શ્રીધર,
જગમાં જનમીને.
આહાહાહા ધન્ય તેને અહોહોહો ધન્ય તેને ! !
પુજ્યું પ્રેમ ધારી ધારી, સતિ નારી;

જાઉં તેની વારી વારી, બલિહારી,—દિપા૦ચા૦
ઉર નીધિથી ઉપની ચડે, જન વ્યવહાર બજાર.
પ્રેમ રત્ન પરખી ધરે, દેવાંશી દેદાર.—અહુા૦

રમાદેવી—સાહેલી ૧
ત્રિભુવન તણો રચનાર, હાંહાંરે સખી.
કેવો ચતુર કિરતાર,
ગગન મંડળનો વિસ્તાર,—હાંહાંરે સખી.
રવિ શશી ઉડુગણુ સાર;
સાગર જગ ખારો જાણે,
સરિતા ઉર સ્નેહજ આણે.
ભવ પતિથી મોજો માણે,
દુનિયા એનેજ વખાણે;
સાગર સંસાર સખીજો !
ભાવી સરિતા નીરખીજો !
લિલા વિધ વિધ હરખાજો !
રત્ન નિધિથી પરખીજો.
પ્રભુ મહિમાનો નહિંપાર—હાંહાંરે સખી.

રમાદેવી—સાહેલી ૨
સખી શામળીઆ ચિત્ત હરી હરીએ વળિયા,—સખી.
મોહન સુરત, સુંદર સુરત, જાદુગરી ભરી ભુલાવે ભાન,
સોનાના સુરજ આજ ઉગ્યા સખી,
દુધડાં સાકરમાં ભળીયા—સખી.

સુંદર મુરતિ શામળા, પુજું પ્યારી પ્રેમ;
જાળવજો શ્રી જગપતિ, સતિ પતિવૃતાનો નેમ.
પામી હું પ્રેમ રતન, બની હું મગન,
અહા ! ! અહી પ્રેમની પંખીણી ! !
મોહન મન ગમતા મળિયા.—સખી.

ગીગલો—મેધી— ૩

આજે નગરમાં ખુશી ખુશાલી;
રાજી રાજી થાઉં હું તો શોભા નિહાળી—આજે
નાચશું કુદશું, રમશું મગનમાં !
જાણે વરરાજા, મ્હાલે લગનમાં.
આખો હવામાં, હું ઉડું ગગનમાં;
ચાલુ છટાથી હું, ચાલી ટોપી તેજવાળી.
છડી ફુલ ઝાલી રૂપાળી—રાજી૦
કેવો દેખાઉં હું અલબેલો આવાર,
જાણે જણાય વાહ, બીજો ઇંદ્ર કુમાર;
એકનુર આદમી હજારનુર કપડાં,
લાખનુર ટાપ ટીપ, કરોડ નુર નખરાં;
એટાવાહ, વાહ, વાહ માડી, આહા, આહા, આહા, આજે

મેઘા—મેધી— ૪

નથી પટારે પાઇ, વળી ખાવાને કાંઇ;
શાની કરો સફાઈ, બસ. ચુપ, ચુપ, ચુપ !
છાની રાખો છેલાઇ, જાશો જગમાં ગવાઈ.

લોકો જોશે ભવાઇ, ખસ. ચુપ, ચુપ, ચુપ !
લેલે આ હાર અને હિરાની વીંટીઓ. સિત્ સિત્ સિત્ !!
જાણી સફાઈ, એતો શોભાની સીટીઓ.
ચુપ, ચુપ, ચુપ-નથી-

દરબારીઓ. ૫

અચળરાજ અચળતાજ, અચળ છત્રધારી;
ભુવન ભય તીમિર વિહારી, સુખ કમળ પ્રભાવધારી;
તુજ પ્રતાપે તેજ ધારી, રવિકળા પ્રસારી—અચળ૦

દેવભદ્—૬

સફળ ગણું તેનો જનમારો, જેને પેટ પડયો સુત સારો;
ગગને શુક્ર તણો જેમ તારો, ભાગ્ય ઉદય તેનો ત્યમ ધારો.
અકકલના પણ હોયજ ઉંડા, કૃત્ય વિષે જાણો એ કુડા;
ભલે હોય પછીમાં રૂડા, પણ એ વાસ વિના કેસુડા.
ભલે ખીલી ખરી પડે હજારો, આરસ પારસછે મણી સારો;
અડે નહિ આરસ ફરનારો, ભલે કાષ્ઠ સો મણનો ભારો.
સાગરમાં પણ તે તરનારો, પથ્થર તે આખર ડુબનારો,

નાચનારીઓ - ૭

આલી આનંદે આવો ગાવો પ્યારી—
નાચો રૂમક, છુમક, છુમક,
ઠુમક, ઠુમક, ઉમંગ ધારી—આનંદે૦
જયજગકર નર વર સુખકર, દુઃખહર જર વર, ભર,
જળ સ્થળ વ્યાપક, ત્રિભુવન સ્થાપક;

શેષ, વિરંચી, સ્તવે ગુણુ લાયક, ચૌદભુવન વારીવારી–આલી.
રસાવણુ ફળ તરૂ ફુલ વિના, શુરવિણુ બાણુ કમાન;
ગાનતાન ગોવિંદવિણુ, હસ્તિ સ્નાન સમાન—નાચો૦

ચંદ્રરાજ— ૮

ભુવનમાં છે અજબ પ્રેમ તુજ રંગ;
છે અજબ પ્રેમ તુજ ઢંગ,
અજબ તુજ સંગ, અજબ તુજ ગંગ—ભુવનમાં૦
બસ પ્રેમ તુને છે રંગ, ઉચંગ અજાંગ પ્રીતિ, રસજંગ
ઉમંગ અપાવે, ભાવે—
નૌતમ રંગે નિત, પ્રવિણુ જે પુનિત;
રસિકને હસાવે,—ભુવનમાં૦

ચંદ્રરાજ— ૯

સંસાર ઉનાળે, શિતળ વિશામા સ્યામા;
સૌતાપ પ્રજાળે, શાંતિ દવામાં વામા—સંસાર.
જોડ વાા જન ખોડજ ભાખે;
પુષ્પ સુગંધી પ્રભુ, પાસેજ રાખે,
કોણુ સરોવરમાં જળ નાંખે!
સ્વાદ મુકે કોણુ આંબાની સાખે!
ભણુકારા ભુલી ભેવ ઉધામાં
લાવી મુકયો છે સાર ધરામાંહિ રામા! રામા!–સંસાર

* * *

ભણુકારઃ ભુલી ભેવ ઉધામા ધામા
લાવી મુકયો છે સાર ધરામાંહિ રામા! રામા!

વજુભા—દોસ્તો— ૧૦

ઉડાવો બોટલની બ્હાર, ચલો હોટલ તૈયાર;
અવની માંહી અલબેલાને એ છે અમર કરનાર ઉડાવો.
ગંગાજળ ગણો યાર, રંગે રંગે દેદાર,
સંગે શોખીનો સાર, નિંદે તેને ગમાર !!
ચાલોજી મ્હાલોજી ચાલોજી ભાઈ,
દારૂની સવાઈ, ! એમાં શી નવાઇ !!
વાહ્, વાહ, વાહ, અ. હા, હા, હા, હા. હા—ઉડાવો

મદનકળા— ૧૧

વાલમ કેમ ગયો, પ્રીતજ છોડી,
તનખ તનખ તન, વિહર અગનમાં—
ટહુ ટહુ મોર કરત, મધુવનમાં;
ચમક ચમક વીજ રહી ગગનમાં—
ચંદ્ર ચકોરી રહી પ્રીત જોડી.

મદનકળા—છોકરીઓ— ૧૨

છોડો છોડો છબીલા, જવાદોને—છોડો
જીવન બગિચે જાણજો, જોબન મઝા ગુલદાર.
રસિયો રમે રસમાં રહી, બુડથલ રહે છે બ્હાર,
મીઠી મઝા શૃંગારની, સંસારમાં એ સાર.
પ્રીત બાગમાં, રસ રાગમાં, બુલબુલ પુકારે પ્યાર,
એજી મારી કટારી રેવાદોને— છોડો

પીયો પ્રીતિ શરાબ રસ પ્યાલારે,
મારા શોખી, મેમાન મત વાલા.
ગોરે ગાલોંહે લાલાં ગુલ્લાલારે.
તેરે નખરે મેં ગરમ મશાલા.
આયે સજનવા, જાયે જોબનવા.
એજી લાગીલગનવા, જવાઘાને. છોડો.

મદનકળા— ૧૩

બાલમ હાથ છતિયાં ન ડારોરે—
સાસ નનંદ રહો તાકે—બાલમ
હઠો બાલમ તુમ, હમસેન બોલો,
આગ લગો એસી પ્રિત કછુ, દેખો ન ભાલો—હાથ

ચંદ્ર-ગૌતમ— ૧૪

મિત્રાઈ મુગટ શીરધરી, મુરખ ફેંકીદે અવીચારી
પીત્રાઈ ગરજને સારી, અંતે કરશે ખ્વારી ખ્વારી—
ગે ને પ્રીરશી પ્રીતભાણું, વીષ ભેળી ખવરાવે ખાણું;
સ્વાર્થી શોધી સ્વાથ ટાણું, નાણું લેઈ મેલે મુખ છાણું
કેવા બેસુમાર! એવા હીણાચાર! દેત્રા ભારો ભા
લાખો ફીટકાર!
પ્રીતિને બજાર નથી વ્યભીચાર, નીતિ રાખનાર
જીતી છે જ

મદનકળા— ૧૫

ડોલર ગુલાબને ગુલદાઉદી
ફુલ ઝાડ ખીલ્યાંરે—
મુજ પ્રેમ બગીચે આવજો
કોઇ રસના રસીલાંરે —ડોલર—
લેવા મધુ. મધુરૂ ભમે,
ભોગી ભમરા હઠીલારે
મશગુલ બને, રસરેલ થતા
કોઈ છેલ છબીલારે—ડોલર

મેઘા— ૧૬

જગમાં પુજાએ ઠાર ઠારરે, ખટપટીઆ રાજા,
ભોળાને લાતો ચાર ચારરે, જન કહેશે જા ! જા જગમાં
ખટપટ ખાશી કરનારા, ઝટપટ જગમાં જીતનારા
ભોળાને ભોળવનારા, થાપણો ઓળવનારા,
કંઇના ભંગાવી દે ઘરબારરે; નિત રહેતા તાજા—જગગાં
ચામર છત્ર ધરનારા, જીવન કોઈની હરનારા,
યમથી પણ નહીં ડરનારા, નરમાં વાનેર ઠગનારા;
કંઇને દોરાવી દે દરબારરે, જશ લેતા ઝાઝા—જગમાં

મદનકળા-મેઘા— ૧૭

જરા નાચોજી નખરેથી યાર—
હાંરે જરા ખેલોજી નખરેથી યાર—
તેરી મેરી જોડી બની મજેહદાર—જરા—
ચાલુ છટાથી, મ્હાલુ અટાથી,
એતો ઇશક બાજીનો વ્યવહાર-હાંજી—
હવે નેન મિલાવોને-પ્રેમ શીખાવોને—
ઓરે લુંટાવો જોબનની બ્હાર—
એજી લટકેથી આવોને-મટકેથી આવો ને—
ઓર સુણાવો ઝાંઝરનો ઝમકાર.
ઉંહુંહું—ઉંહુંહું—ઉંહુંહું—યાર !
ઇશ્કીનો જોજો દેદાર ! !—રંગીલા

ચંદ્રરાજ— ૧૮

છે રમણી પદમણી પારસમણી—
નરભવ કરણી, કંચન કરણી
સતિ સુલક્ષણી, એ..................છે—
ભ્રાન્તિ હરણી, શાન્તિ કરણી—
કાન્તિ ભરણી, હૃદય ઠરણી—
ચિન્તા ચુરણી, આશા પુરણી—

નમણી સ્વર્ગ નિસરણી એ..........છે
મરકટ મદિરા મસ્તમાં બાંધે વળી મરકત મણી,
મુરખ મતિના અસ્તમાં વાધે અમુલ્ય હીરાકણી;
અંધા કને આવી પડી ખોળે ઘડી કંચન રણી
કિમ્મત કિયો શકશે કથી લાયક વિના લાયક તણી.
એ............................છે.

ટેબ્લો.

અંક ૨ જો.

ગરબો.

રમા—સાહેલીઓ ૧૯

લે લે મોતી વેરાણા ચોકમાં, હું તો હરખે પરોવતી હારરે.
વ્હાલા ઉંચી મેડીને મંદિર માળિયાં, હાં. વ્હાલા,
માંહે ખટ હિંડોળા ખાટરે—
જો જો રસિયો—રસીલી રમે ગોખમાં—

સખી મોહન તે મગમગતો મોગરો
સતિમહિલા તે મોગરાની વેલરે— લે લે
રચિયો રંગ વસંતમાં, મચીયો જોબન જંગ;
રસિયો વસિયો વેગળો, ડસિયો કામભુજંગ.
અંગ અગ વાધીરે, વ્યાધી વ ષ ભરપુર;
વાદી બોલાવો વાટઘાટનારે કોઈ વાંસલડીના વાનાર.
બેનીબની બહુ બાવરીરે, બાળા પ્રેમીને કરતી પોકાર
પ્રેમપંથ પ્રીતમ વસે, વચમાં વિષમ વિયોગ;
દિનાનાથ દેશે સખી, શ્યામ સમાગમ યોગ,
વધી મનડાની વ્હાલી વિકળતા, સંદેશા વ્હેન, સ્વામી
તણા નહિં મળતા.
માયા લગાડી રાજ મેલ્યા રઝળતા, અમે ભવના
બળેલા કકળતા—સંદેશા—
આશાના કાંઠે બેન મેલ્યાં ઉમળકાં,
પ્રીતિના સિંધુ ઉછળતામાં સંદેશા.
ભામની લઇને ભાવથી, પ્રેમ મોતીનો થાળ;
વાલમને નિરખી સખી, વધાવતી ધરી વ્હાલ—લે લે૦

રમા—સાહેલી— ૨૭

મનમાં ગઈ વશી, છબી મારા તનમાં ગઈ વશી—
સખી મારો લાવને શોધી શશી
રસિલાના રૂપમાં હું તો ફસી—પ્રીતી નહી પુરમાં હું તો ખશી;

વિરહની વાદળી ત્યાં ધરથી, સખી હવે આંસુડાં ભરીએ,
કહે શું કરીએ, કોની કરૂં પળશી ! રસિક વિણ—છબી–
ઉર અકળાયે, કંઈ કંઈ થાયે !
મનની મુઝામણ કોને કહેવાયે ! !
(કોને તે વ્હાલી સખીને !)
ઉરના ઉમળકા ઉરમાં સમાયે !
કુવાની છાંયડી કુવાની માંયે !
(વાહરે વાહ, અલી પ્રેમ ઘેલી અલબેલી ! !)
આલી હસે તું જા, ઠાલી બકે તું જા,
લટક ઉર ઠશી, રસિલાની લટક ઉરઠશી—છબી—

રસા—સાહેલી ૨૧

રસિયા રસ સાગર પ્રેમ પ્રભાકર
સાગર આગળ જયણ ભરી ગાગર
તેવી માનું છું નારીરે
ભલે વૈભવ વાડી દે દુઃખ ત્રાડી
પ્રીતિની રીતિને જીતી દે
તેવી પ્રતિની પ્યારીરે—
શિતળ છાયા સલુણી, પ્રમાણી !
વાલમ વૃક્ષ તણી એ લચો જાણી ! !
પ્રીતિની વેલ ગણું સતી શાણી !

પ્રીતમ પ્રાણી વિના ધુળધાણી ! !
ગંભીર ગોરી ગણુ ગુણ ખાણી.
સ્વામી સલુણા તણી એકામાણી
શાંન્તિ સુધા તણી શાણી એંધાણી
એથી મધુરી ગણું પ્રીય વાણી,
હળી મળી નીત પાળી પુરી પ્રીત,
શોધી લે સાર સંસાર, રીઝવે શ્રી કીરતાર—
ધન્ય એ નર નારીરે— રસિયો—

રમાદેવી— ૨૨

ચાંદલીઆ ચતુરસુજાણ, પ્રીતિરસ ખાણ;
પ્રીતમ ક્યાં જતા રહ્યારે—
માર્યા માર્યાં મોહનાં બાણ, હજી હું અજાણ,
જાય કેમ એ સહ્યાંરે
મંદિર લાગે મશાણ; વિના પ્રિય પ્રાણ,
કમળ તન આ દહ્યાંરે
પ્રથમ કરતાં પ્રયાણ, ભાગ્યાં મારા ભયાણ,
અધવચ અટકી રહ્યાંરે—ચાંદલીઆ૦

રમાદેવી— ૨૩

રસિયા ક્યારે મળે, સોગી ક્યારે મળે

ભમરી આ ટળવળે,—રસીયો૦
સ્નેહના સાગર રસ રતનાકર,
દુધમાં સાકર ક્યારે ભળે—રસિયો૦
ચિન્તા તણા ચુલે ચડયું, મન દુધરે હરી ઉકળે,
પ્રતિમા પુનિત પ્રીતમ તણી, શુભ પામવા આ ઉઝળે
ઉકળે અતિ ઉછળે અતિ, વાલમ વિરહ અનળે જળે,
શાંતિ મળે સુખકર સમાગમ, સ્યાજ રજ જળ જો મળે
વાદળી લળી લળી વ્હાલાને કે'જે,
કાલાવાલા બાળા કરતી આ જે જે;
સંદેશા સઘળા સલુણાને દેજે,
રોગી વિયોગી, વિયોગે બળે—રસીયો૦

નોતમ— ૨૪

ઘડી ઘડી દુઃખની જ્યાં છે વીધીય, સુખની ત્યાં ક્યાંથી આશા;
એકદિન ઠાકર, એકદિન ચાકર, એકદીન ભાખરના સાંસા ઘડી૦
કોઇ સગું નહિ આ સંસારે, પડતાને જગ પાટુ મારે;
ચઢતી જ્યાંછે, આધિન ત્યાં રહે, પરમેશ્વર પણ આવે વારે ઘડી૦
કેવા કર્મ તમાસા—સુખની૦
પાવક બળને સહાય દે, વાયુ સબળ સુસવાટ તો,
પળમાં સમિરતે લઘુ, દિપકને, સદ્ય હોલવી નાંખતો;
વળી ઝુંપડીને ઝટ હરે, નહિં મહેલને ઇજા કરે,
ફુટયા વિશે જગ પગ ધરે, એ ન્યાય પણ ઇશ્વર ધરે—ઘડી૦

વજુભા—રમા— ૨૫

આવો રંગ માણીએ વહાલી.
જાઓ નહિં બોલશો ઠાલી,
પાઓ પ્રીતિ રંગની પ્યાલી,
ખાઓ શીદ સોમલ ખાલી—આવો૦
પ્રીત પરનારી, નરકની બ્હારી;
કંચન ક્યારી, રસ ભરનારી;
ભવ મણી ભારી, એ હરનારી;
જનમ સુધારી, હે પરનારી....
ચાલો ખસો................
મધુરી લિયો મ્હાલી—આવો૦

રમાદેવી— ૨૬

કરજો સામળીયાજી સહાય,
આવે સમયે રે આવે સમયે રે—કરજો૦
સકળ જગત મુજ જો તું તમાસા
હવે અબળાની શી ગતી થાય રે—કરજો૦
ઉંચે આભને નીચે ધરતી,
ત્રીજો જુવતિને શ્રી જગરાય રે—કરજો૦
આશા તણાં તુંબા ગ્રહી, સંસાર સાગરમાં પડી;

તુંબા ગયા અધવચ તુટી, બાળા બની હું બાપડી
આવે સમયરે,

રમા—મેઘા— ૨૭

જા જા મુઆ બકે શું આ પાપીઆ હેવાન
કહે કોઈ કાળ, પાપી, ચાહે મોતે, સિંહણુ શું શ્વાન—જા૦
ચૂપ કર દૂર ખસ પાપી, જા............
બામા ભુલ્યો બાળી બાન, જો માગે તો આપું જાન.
રે નાદાન !
વ્હાલી માન ! !
થાશે તું હેરાન.—મુવા૦

ટેબ્લો.

અંક ત્રીજો.

ચંદ્ર-રમા— ૨૮

જ્યાં સૃષ્ટિનો સાહેબ રિઝે, ત્યાં સૌ વાતે લીલા લહેર;
સન્મતિ સંતતિને સુખ સંપતિ, સકળ વસે આવી નીજ ઘેર—
દુશ્મન પણ બંધુ થઇ બેસે, અમૃત થાયે જો કદી ઝેર;
વિજય વિજય વરતે વસુધાપર, લક્ષ્મી રમે દેવી ચોમેર જ્યાં.
ઈંદ્રાસન અવની પર આવે, શિયાળ પણ થઈ બેસે શેર;
ઉલટ સુલટ પળમાં થઇ જાયે, જ્યાં પરમેશ્વરની થઈ મ્હેર.

ચંદ્ર—રમા— ૨૯

પિયુ પાતળિઆ, પૂજું પાવલીઆ.
મારા સુરત ભુવનના હો શામળીઆ—પિયુ.
પ્રીતિ વચનની વાંસળી વાગી, હૃદય રઢ લાગી,
તરત હું તો જાગી—
(ન સમજ્યા એ તો પ્રેમની નિશાની !)
(ત્યારે આ પ્રેમીને નિશાની શાની !)
કાયાની કામળીઆ, પ્રીતની પામરી આ
સ્વિકારો શામળીઆ, સોંપું છું સ્નેહથી આ.—પિયુ
સકળ સંસારમાં એક સારમાં તું સાર મ્હારે
જાઓ દિલનાદારના દેદાર, રસિલા હારમાંરે
(આ હારમાં હુંજ !)
(હા, વ્હાલા ચંદ્ર તમેજ !

પામી પ્રીય રાજ ચતુર ચતુર ચંદ્ર એક ભુવનમાંરે
ચતુરા ચંદ્રિકા તુજ કાન્તિ શાન્તિ ચીત ઠારે.—પિયુ;

ચંદ્ર-રમા— ૩૦

જરા ધીરે ધીરે તમે આવો, રસિક હેત હૈયે ધરી—
પ્રાણ પ્યારી ખરી—
નાથ નેહે વરી—
કાયા રૂપાળી આ—કનકની ડાળી વાહ
રંગીલા-રસીલા-છત્રીલા-છોગાળા—
આવો-આવો-આવો—જરા૦
જોબન જીવન જગતમાં તનમન પ્રાણ જીવન;
ચંદ્ર ઉદયથી કુમુદિની, અંતર થાય મગન.
પ્રીય પદ્મ પ્રાંતેથી બીડાઈ જશે-
ભોગી ભ્રમર હવેતો સપડાઇ જશે-
સંયોગ તણું સુખ ભોગવશે—
એવું પ્યારા નહિ કદીએ બનશે—જરા૦
સુખ રતનાકર સુંદરી, સાર સકળ સંસાર
જુગતી જોડી તેમાં વળી, બીજો ઉત્તમ પ્યાર—

નૌતમ— ૩૧

ભુલ્યો મન મુસાફર ભમ્યો ભવ વગડે.
ભમ્યો ભવ વગડે ભુંડા જગતને ઝગડે-ભુલ્યો.
કંચનની કાયા મિથ્યા મમતને માયા;
જુઠી આ જંજાળ જાગી જાને જીવ રગડે-ભુલ્યો.

અવસર જાયે ભુંઠા પછીથી પસ્તાયે
કર તું કમાઇ કાંઈ કરણી ન બગડે...ભુલ્યો.

નૌતમ-મેધા— ૩૨

જારે જારે અવિચારી, જરા બોલને વિચારી,
દુર દુર જા જા પાપી દુર—જારે૦
ચલ હટ દુરા ચારી, પળમા ભુલાવું.
દાનાઇ-ચતુરાઈ તારી-પાપી દુર.
ચુપ કરરે શિયાળ, સિંહ સામી ભરે ફાળ,
રોળું રજમાં કરૂં બેહાલ—
દુર દુર થાને તું દુર જા ....
તારૂં ઉતારૂં પાપી અભિમાન—જારે—

ચંદ્ર-નૌતમ-મેધા— ૩૩

ધન્ય આવા મિત્ર ભવો ભવ પુજાય છે;
સંપત્તિને, વિપત્તિમાં સ્હાય સદા થાય છે;
મિત્ર ધર્મ રત્ન ભાગ્યશાળીથી ધરાય છે,
ધિક એવા મિત્રને જે સ્વાર્થે સોમલ ખાય છે;
ફંદી આ ફસાય છે ભાગ્ય ફરી જોય છે;
પાપી આ પીલાય છે, હા ! બે હાલ થાય છે.

મદનકલા— ૩૪

હું બની બીચારીરે, બધી બાજી હું હારીરે-હું
પાવન જે ગંગા, તેને મેં વિસારી રે-
પતરણી કીધ પ્યારીરે—થઇ દુખીઆરી-હું૦

મદનકલા-મેધી-- ૩૫

નકટી તારૂં નાક કઢાયું,
તારૂં !......................રાંડ તારૂં ! !
થુથુ જગતમાં થાયરે—નકટી.
પ્રીત કરતી, જોબન હરતી-
હું કેવી ?........રાંડ જોયા જેવી ! !
જીવન કરતી ક્યાંયરે—નકટી.
તેં ભવ હીરા, કંઈના ચોર્યા;
હા, હા, હા,........રાંડ લેતી જા.
ચોરી ચાસન થાયરે—નકટી.

રમા— ૩૬

કાના શાણાં શામળીઆ તેં
પ્રેમની મોરલી વગાડી-એ...
મોરલી વગાડી મોહન, મોહની લગાડી-શાણા-
પ્રીતમ પ્રીત અજબ ઔષધી સુંઘાડી-કાના૦
પ્રીતિની પોથી સલુણા ઉઘાડી,
શાણા સમજ હિયો સંઘ પાડી;
રમણુ રમાડી ભમાડી આ લાડી— ૧
વ્યારે મારા પ્યારા ધુતારા ઠગારા છો ખરા ખેલાડી—
પ્રેમ થાળે મન શ્રીકૃષ્ણ મોહન, ભાવથી મેલું અગાડી-

ચંદ્ર-રમા-- ૩૭

પિયુજી પધારો પ્રાણુ આધારરે—મન મોહન મારા,

સુંદરીનાછો તમે શણગારરે,
વાહ પ્યારરે;
ઉર હારરે-મન મોહન મારા—પિયુજી૦
નટવર નિત નવ નવ રંગે,
રસિલી રમશું ઉછરંગે;
રહીશું સલુણા પતિ સંગે,
ઉચરૂં ધન્ય ભાગ્ય ઉમંગે;
રસિયા વસિયા ઉરમાં હસિયા સારરે,
પ્રીય નારરે,
દિલદારરે-મનમોહનામાર—પિયુજી૦

સઘળા— ૩૮

સદા સત્યનો વિજય છે વિજય-
જય ગાઓ આનંદની ધુનમાં,
ધન્ય ધન્ય આજદીન, જન મન રંગરાચે,
પાપી પહેલાં પુજાઇ, આખરે મરે રીબાઇ;
ન્યાયીનો સદાય જય—વિજય૦

સમાપ્ત.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો શ્રી દેશી નાટક કંપની લીમીટેડનો મુકામ જ્યાં હોય ત્યાંથી રોકડી કીમતથી મગાવી લેવાં. વેલ્યુપેબલ અથવા નોટપેડ કાગળ લેવામાં આવશે નહીં.

			રૂ. આ. પા.
નૌતમચંદ્ર. (આવૃતી ૧ લી.)			૦—૨—૦
ઉજમેણી યાને સોમનાથનો ઘેરો (આવૃતી ત્રીજી)			૦—૨—૦
વાના-સુંદરી.	આવૃતી	ત્રીજી.	૦—૨—૦
શારદા.	,,	ત્રીજી.	૦—૨—૦
લવ-કુશ.	,,	ત્રીજી.	૦—૨—૦
મનુ-મણી.	,,	ત્રીજી	૦—૨—૦
લીલા.	,,	ત્રીજી.	૦—૨—૦
નૂરજહાન.	,,	પહેલી.	૦—૨—૦
શ્રી સત્યનારાયણ.		(છપાય છે)	

શ્રી દેશી નાટક કંપની લીમીટેડ.
ઠે. રીચીરોડ નં. ૩૯૧૫-અમદાવાદ.